## સચિનમાં તાવ અને ઊલટી બાદ ચાર માસના માસૂમનું મોત

સુરત : સચિન વિસ્તારમાં ચાર માસના માસૂમ બાળકનું તાવ અને સતત ઉલ્ટીની તકલીફ બાદ મોત નિપજતા પરિવારમાં શોકનો માહોલ છવાઈ ગયો હતો. મૂળ ઉત્તર પ્રદેશના વતની અને હાલમાં સચિન જીઆઈડીસીના પાલીગામ વિસ્તારમાં નીલકંઠ રેસિડેન્સીમાં રહેતા હિમાંશુ સિંગના ચાર માસના પુત્ર મોક્ષને છેલ્લા ત્રણ-ચાર દિવસથી ઉલ્ટીની ફરિયાદ હતી. બાળકની તબિયત ન સુધરતા પરિવારજનોએ તેને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડ્યો હતો. શુક્રવારે સવારે તેને તાવ આવતાં સ્થિતિ વધુ ગંભીર બની હતી. સાંજે તબિયત બગડતાં તેને નવી સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો, જ્યાં ટૂંકી સારવાર દરમિયાન તેનું મોત થયું હતું. મોક્ષ પરિવારનો એકમાત્ર પુત્ર હતો. સુરત શહેરમાં ભારે ગરમી અને બદલાતા વાતાવરણ વચ્ચે પાણીજન્ય અને મચ્છરજન્ય રોગોના કેસો વધ્યા છે.

**'ગુજરાતમિત્ર'એ રજૂ કરેલા અહેવાલને પગલે મ્યુનિ.કમિ.એ અધિકારીઓનો ઉધડો લીધો**

# નાનપુરાથી ચોકજવાનો રસ્તો ખોલાયો

**કોંગ્રેસ** કાર્યાલયવાળો રસ્તો પણ એક-બે દિવસમાં ખૂલી જશે

સુરત : શહેરમાં છેલ્લા અઢી વર્ષથી ચાલી રહેલા મેટ્રોના કામને કારણે ચોકબજારથી મક્કાઈ પુલ જતો ગાંધીબાગનો મુખ્ય માર્ગ બંધ હોવાથી વાહનચાલકો પહેલેથી જ ભારે હાલાકી ભોગવી રહ્યા છે ત્યારે સુરત મનપાના અણઘડ અધિકારીઓએ અક્કલ વાપર્યા વિના અને સંકલન કર્યા વિના જ ડાયવર્ઝન તરીકે ઉપયોગમાં લેવાતા બંને સાંકડા રસ્તા પર એકસાથે ખોદકામ શરૂ કરી દેતાં વાહનચાલકો ભારે હેરાન થઈ ગયા હતા. મક્કાઈ પુલ તરફ જવા માટે કમાલ ગલી, ખાટકીવાડ અને મીરાંબિકા કોમ્પ્લેક્સ તરફથી ડાયવર્ઝન અપાયું છે, જ્યારે મક્કાઈ પુલથી ચોકબજાર આવવા માટે રંગઉપવન પાછળ કોંગ્રેસ કાર્યાલય પાસેથી કિલ્લા તરફ વન-વે માર્ગ જાહેર કરાયો છે. પહેલેથી જ સાંકડા આ રસ્તાઓ પર ટ્રાફિકનું ભારે દબાણ રહેતું હતું. ત્યારે હાઈડ્રોલિક વિભાગે ઝોન સાથે કોઈ સંકલન કર્યા વગર બંને માર્ગો પર ખોદકામ શરૂ કરી દેતાં સ્થિતિ વધુ વિકટ બની ગઈ હતી. નાનપુરાથી ચોકબજાર સુધી કેવી રીતે જવું તે મોટો પ્રશ્ન થઈ જતાં લોકોમાં ભારે રોષ ફાટી નીકળ્યો હતો. આ સમસ્યા અંગે 'ગુજરાતમિત્ર'એ અહેવાલ પ્રકાશિત કરતાં મનપાનું તંત્ર દોડતું થઈ જવા પામ્યું છે. અહેવાલને પગલે મ્યુનિ.કમિ.એ તાકીદના ધોરણે મક્કાઈપુલથી જુની સિવિલ હોસ્પિટલ તરફનો રસ્તો તાકીદે ખોલવાની સાથે કોંગ્રેસ કાર્યાલયવાળો રસ્તો પણ બે ત્રણ દિવસમાં ખોલી નાખવા માટે અધિકારીઓને કડક સૂચનાઓ આપી છે.

મનપાના અધિકારીઓની અણઘડતાંને કારણે અનેક વાહનચાલકો દોટીવાલા બેકરીથી જૂની સિવિલ સુધી પહોંચી જતા અને ત્યાં રસ્તો બંધ હોવાનું જાણવા મળતાં વાહનોને પાછાં ફરવાની ફરજ પડતી હતી. પરિણામે ટ્રાફિકજામમાં ભારે વધારો થયો હતો. ખાસ કરીને ફોરવ્હીલ વાહનચાલકોને માત્ર 500 મીટરના અંતર માટે નેહરુ બ્રિજ પરથી એક કિલોમીટરથી વધુનો ચકરાવો લઈ ચોકબજાર પહોંચવું પડી રહ્યું હતું.

મેટ્રોને કારણે ડાયવર્ઝન અને બીજી તરફ ખોદકામથી વાહન લઈને કેમ જવું?

**મનપાની બુદ્ધિનું પ્રદર્શન: નાનપુરાથી ચોક જવાના બંને રસ્તા ખોદી નાંખ્યા**

**મક્કાઇ** પુલ અને ચોકબજાર આવવા કે જવા માંગતા ફોરવ્હીલરોએ બે બ્રિજ પાર કરી એક કિમીનો ચકરાવો લેવો પડે તેવી સ્થિતિ

**મનપાના** નઠારા અધિકારીઓને ખબર

**108 એમ્બ્યુલન્સ જૂની સિવિલની બહાર જ ટ્રાફિકમાં ફસાઈ**

મનપાના આડેધડ ખોદકામ અને ડાયવર્ઝનના અવ્યવસ્થિત આયોજનનો ભોગ ઇમરજન્સી સેવા પણ બની છે. રાત્રે સાડા નવ વાગ્યાની આસપાસ જૂની સિવિલ હોસ્પિટલથી કોલ પર જવા નીકળેલી 108 એમ્બ્યુલન્સ ટ્રાફિકજામમાં ફસાઈ જતાં દર્દીને સમયસર સારવાર પહોંચાડવામાં






# ભત્રીજીની છેડતી કરનાર કાકાની નિકાહના મંડપમાંથી જ ધરપકડ

**લગ્નની** તૈયારીઓ વચ્ચે ૧૫ દિવસથી સગીરાની એકલતાનો લાભ ઉઠાવી કરતો હતો અડપલાં

સુરત : નાનપુરા વિસ્તારમાં કૌટુંબિક સંબંધોને લજવતો એક ચોંકાવનારો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. પોતાની જ ૧૫ વર્ષની સગીર ભત્રીજી સાથે છેલ્લા પખવાડિયાથી સતત અડપલાં કરનારા એક નરાધમ કાકાની અઠવાલાઈન્સ પોલીસે નિકાહના મંડપમાંથી જ ધરપકડ કરી લીધી છે.

ફ્રિજ રિપેરિંગનું કામ કરતા આ આરોપીના નિકાહ નક્કી થયા હોવાથી ઘરમાં લગ્નની તડામાર તૈયારીઓ ચાલી રહી હતી. તે સગા-સંબંધીઓમાં કંકોતરી વહેંચી રહ્યો હતો, પરંતુ બીજી તરફ છેલ્લા ૧૫ દિવસથી તે સગીર ભત્રીજીની એકલતાનો લાભ ઉઠાવી સતત છેડતી કરતો હતો. નિકાહના પવિત્ર બંધનમાં બંધાવા જઈ રહેલા આ શખ્સે લગ્નના દિવસ સુધી પોતાની આ શરમજનક કરતૂત ચાલુ રાખી હતી. સગીરાએ શરૂઆતમાં કાકાના આ અજુગતા વર્તનની જાણ પોતાની માતાને કરી હતી. દીકરીની વાત સાંભળી માતાએ આરોપીને ઠપકો આપ્યો હતો. લગ્નના ગણતરીના દિવસો બાકી હોવા છતાં આરોપીમાં કોઈ પસ્તાવો નહોતો. આરોપીનો કાયદા પ્રત્યેનો કોઈ ડર ન જોતા પરિવારે આખરે પોલીસના શરણે જવાનું નક્કી કર્યું હતું. જેવી નિકાહની વિધિઓ અને રસમો પૂરી થઈ અને નવવર બનેલો કાકા મંડપમાંથી ઊભો થયો, કે તુરંત જ અઠવાલાઈન્સ પોલીસે તેની ધરપકડ કરી લીધી હતી.

ગુજરાત સરકાર
ગ્રામ વિકાસ વિભાગ (ડી.આર.ડી.એ.)
તાલુકા પંચાયત, મનરેગા શાખા- વાલોડ, જીલ્લો-તાપી
ઓનલાઈન જાહેર નિવિદા નં. ૧, સને:- ૨૦૨૬ -૨૭

કામની વિગતઃ- વાલોડ તાલુકા મનરેગા હેઠળ વિવિધ ગ્રામ પંચાયત/ગ્રામવિસ્તારમાં કામના સ્થળ સુધી વર્ષઃ- ૨૦૨૬ -૨૭ .માટે માલસામાન-ટેન્ડરની શરતો મુજબ પૂરો પાડવા માટે જાહેરાત પ્રસિધ્ધ કરવામાં આવે છે. આ કામ માટે રસ ધરાવતી એજન્સી/સંસ્થાઓ/સપ્લાયર્સ પાસે ઈ- ટેન્ડર દ્વારા ભાવો મંગાવામાં આવે છે.

| | |
|---|---|
| ઓનલાઈન બીડ ડોક્યુમેન્ટ ડાઉનલોડ કરવાની તારીખ અને સમયઃ- | તા.:-૧૮/૦૫/૨૦૨૬,૧૦:૦૦ AM કલાકથી |
| ઓનલાઈન બીડ ડોક્યુમેન્ટ ડાઉનલોડ કરવાની છેલ્લી તારીખ અને સમયઃ- | તા.:-૦૮/૦૬/૨૦૨૬, ૦૬:૦૦ PM સુધી |
| ટેન્ડર ફી, બાનાની રકમ તથા અન્ય દસ્તાવેજો કચેરીમાં મોકલવાની તારીખ અને સમયઃ- (માત્ર સ્પીડ પોસ્ટ/ રજીસ્ટર એ.ડી.) | તા.:-૦૯/૦૬/૨૦૨૬ થી તા.:-૧૫/૦૬/૨૦૨૬ ૦૬:૦૦ PM કલાક સુધી. |
| ઓનલાઈન ટેન્ડર ખોલવાની તારીખ અને સમયઃ- | તા.:-૧૭/૦૬/૨૦૨૬ ૧૨: ૦૦ PM કલાક |
| કચેરીનું સરનામું:- મનરેગા શાખા, તાલુકા પંચાયત કચેરી, વાલોડ, વાલોડ -૩૯૪૬૪૦ | |
| વધુ જાણકારી માટે ઉપરોક્ત કચેરી તથા વેબસાઈટ www.nprocure.comનો સંપર્ક કરવાં વિનંતી છે. | |

તારીખઃ-૧૫/૦૫/૨૦૨૬
સ્થળઃ- વાલોડ
ક્રમાંક. માહિતી-સૂરત/૧૩૭/૨૦૨૬

તાલુકા વિકાસ અધિકારી
તાલુકા પંચાયત વાલોડ

# રાંદેરના વેપારી પાસેથી રૂ.૧૯ લાખ પડાવી 'લાલ કાર' ગેંગ છૂ

**ડોલર** સસ્તામાં એક્સચેન્જના બહાને ૧૩ લાખ રોકડા અને પાઉન્ડ-યુરો સહિતની કરન્સી આંચકી ત્રણેય ઠગ ફરાર

સુરતઃ રાંદેર સુથારવાડ વિસ્તારમાં આવેલી મેમુના મંઝીલમાં રહેતા ૫૧ વર્ષીય અબ્દુલ રહેમાન મોહમદ હાસીયા ફોરેન કરન્સીના વ્યવસાય સાથે સંકળાયેલા છે. થોડા દિવસો પહેલાં અજાણ્યા ઠગોએ પોતાની પાસે મોટા પ્રમાણમાં અમેરિકન ડોલર હોવાનું અને તે ભારતીય રૂપિયા તથા અન્ય કરન્સીના બદલામાં કમિશન સાથે એક્સચેન્જ કરી આપવાની લાલચ આપી હતી. આ ઠગોએ અબ્દુલ રહેમાનને જહાંગીરપુરા વિસ્તારમાં આવેલા લક્ષ્મી નોવા રેસિડન્સીના મેઈન ગેટ પાસે તમામ કેશ અને કરન્સી સાથે ડીલ ફાઈનલ કરવા માટે બોલાવ્યા હતા. દરમિયાન ત્યાં એક લાલ રંગની હ્યુન્ડાઈ આઈ-૨૦ (i-20) કાર આવીને ઊભી રહી હતી, જેમાં ત્રણ ઈસમ સવાર હતા. કાર સવારોએ અમેરિકન ડોલર આપવાનો ડોળ કરી વેપારી પાસેથી ભારતીય ચલણના રૂપિયા ૧૩,૦૦,૦૦૦ રોકડા, ૩,૨૦૦ બ્રિટિશ પાઉન્ડ, ૧,૧૦૦ યુરો, ૪,૭૦૦ પેસો અને ૧,૧૦૦ રીંગીટ પણ લઈ લીધા હતા. આમ, કુલ મળીને રૂપિયા ૧૮,૬૫,૩૮૫ ની કિંમતનો મુદ્દામાલ લઈ ઠગો કાર લઈ ત્યાંથી ફરાર થઈ ગયા હતા. ઘટનાની જાણ થતાં જહાંગીરપુરા પોલીસનો કાફલો ઘટનાસ્થળે દોડી આવ્યો હતો. પોલીસે ભોગ બનનારની ફરિયાદના આધારે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

# પાંડેસરા GIDCની ઓરિએન્ટલ મિલમાં આગ

સુરત : પાંડેસરા જીઆઈડીસી વિસ્તારમાં પ્લોટ-નં 573-74માં ઓરિએન્ટલ ડાંઈગ મિલ આવી છે. ગઈ કાલે રાત્રે મિલનાં બોઈલર નજીક આગ લાગી ગઈ હતી. મિલમાં હાજર સ્ટાફમાં પણ ડરનો માહોલ ફેલાઈ ગયો હતો. દરમિયાન મિલમાં હાજર મેનેજરે ફાયર કંટ્રોલને જાણ કરી હતી, તેથી અલગ અલગ બે ફાયર બ્રિગેડની ટીમ સ્થળ ઉપર પહોંચી આગ કાબૂમાં કરી હતી.

# ઈંધણ બચતનો પ્રયાસ, વસતી ગણતરી માટે મનપા નજીકના બ્લોક ફાળવાશે

સુરતઃ મહાનગરપાલિકા દ્વારા વસતી ગણતરી-2027 અંતર્ગત સુપરવાઈઝર અને ગણતરીદારોની નિમણૂક કરવામાં આવી છે. કામગીરી શરૂ થાય તે પહેલાં તાલીમ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. તાલીમ દરમિયાન શિક્ષક સંઘો, વિવિધ સંગઠનો અને યુનિયનો ઉપરાંત સુપરવાઈઝર તથા ગણતરીદારોએ રજૂઆત કરી હતી કે તેમને કાર્યસ્થળ અથવા રહેઠાણથી 8થી 15 કિલોમીટર દૂર ફરજ સોંપવામાં આવી રહી છે, જેના કારણે અવરજવર અને સમયની મુશ્કેલીઓ સર્જાઈ રહી છે.

આ રજૂઆતોને ધ્યાનમાં રાખીને સુરત મહાનગરપાલિકાના ઉચ્ચ અધિકારીઓએ મહત્ત્વપૂર્ણ નિર્ણય લીધો છે. હવે તમામ કર્મચારીઓ, સુપરવાઈઝર અને ગણતરીદારોને તેમની વહીવટી કચેરી, શાળા અથવા કોલેજ નજીકના વિસ્તારોમાં સેન્સસ બ્લોક ફાળવવા અંગે કચેરી આદેશો કરવામાં આવશે. મનપાના આ નિર્ણયથી કર્મચારીઓને પોતાના કાર્યસ્થળની નજીકમાં ફરજ બજાવવાની સગવડ મળશે અને તેઓ વધુ સુખદ વાતાવરણમાં કામગીરી કરી શકશે. સાથે જ વડાપ્રધાનની ઈંધણ બચત અપીલને પણ બળ મળશે અને અનાવશ્યક અવરજવર ઘટતાં દેશના આર્થિક ભારણમાં પણ બચત શક્ય બનશે.

**આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમીટેડ** IDFC FIRST Bank
(અગાઉ કેપીટલ ફર્સ્ટ લિમીટેડ, આઈડીએફસી બેંક લિમીટેડ સાથે જોડાયેલી અને હાલમાં આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમીટેડ તરીકે જાણીતી)
CIN : L65110TN2014PLC097792
રજીસ્ટર્ડ ઓફિસ : કેઆરએમ ટાવર, આઠમો માળ, હેરીંગટન રોડ, ચેટપેટ, ચેન્નાઈ-૬૦૦૦૩૧ ટેલી : +૯૧ ૪૪ ૪૫૬૪ ૪૦૦૦
ફેક્ષ : +૯૧ ૪૪ ૪૫૬૪ ૪૦૨૨

**પરિશિષ્ટ-૪ [રૂલ ૮(૧) કબજા નોટીસ (સ્થાયી મિલકત માટે)**

નીચે સહી કરનાર **આઈડીએફસી ફર્સ્ટ બેંક લિ. (અગાઉ કેપીટલ ફર્સ્ટ લિમીટેડ,આઈડીએફસી બેંક લિમીટેડ સાથે જોડાયેલી)** અધિકૃત અધિકારીએ સિક્યુરીટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રકશન ઓફ ફાઈનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યુરીટી ઈન્ટરેસ્ટ એક્ટ ૨૦૦૨ અને તેમને આ ધારાની કલમ ૧૩ (૧૨) ની સાથે વાંચતા નિયમ ૩ હેઠળ સિક્યુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ ૨૦૦૨ હેઠળ મળેલ સત્તાની રૂએ **તા.૧૧.૦૨.૨૦૨૬** ના રોજ નોટીસ બજાવીને **દેવાદાર, સહદેવાદારો અને જામીનદારો ૧. મનોજ સદાશીવ કામલે ૨. સરલાબેન મનોજભાઈ કામલે** ને નોટીસમાં દર્શાવેલ બાકી રકમ **રૂા ૯,૧૩,૨૭૮.૦૨/– (અંકે રૂપિયા નવ લાખ તેર હજાર બસો ઈઠ્ઠોતેર અને બે પૈસા પુરા) તા.૧૦.૦૨.૨૦૨૬** ના રોજના આ ડીમાન્ડ નોટીસ પ્રાપ્તીની તારીખ થી ૬૦ દિવસની અંદર પરત ચુકવી દેવાનું જણાવ્યું હતું.

દેવાદારો આ રકમ પરત ચુકવવામાં કસુરવાર ઠર્યા હોવાથી દેવાદાર અને જાહેર જનતાને અહીં નોટીસ આપવામાં આવે છે કે, નીચે સહી કરનાર અધિકૃત અધિકારીએ સિક્યુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ ૨૦૦૨ ધારાની કલમ ૧૩ ની પેટા કલમ (૪) ના રૂલ ૮ હેઠળ તેમને બક્ષવામાં આવેલ અધિકાર અનુસાર **તારીખ ૧૪ મે ૨૦૨૬** ના રોજ આ કબજો સંભાળી લીધેલ છે.

ખાસ કરીને દેવાદારો અને સામાન્ય જાહેર જનતાને અહીં ચેતવણી આપીને આ સંપત્તિ સાથે કોઈ પણ પ્રકારનો વ્યવહાર કે સોદો ન કરવાનું જણાવવામાં આવે છે. આ સંપત્તિ સાથે કોઈપણ પ્રકારનો વ્યવહાર કરવામાં આવશે તો તે **આઈડીએફસી ફર્સ્ટ બેંક લિ. (અગાઉ કેપીટલ ફર્સ્ટ લિમીટેડ,આઈડીએફસી બેંક લિમીટેડ સાથે જોડાયેલી)** ની રકમ **રૂા ૯,૧૩,૨૭૮.૦૨/– (અંકે રૂપિયા નવ લાખ તેર હજાર બસો ઈઠ્ઠોતેર અને બે પૈસા પુરા)** અને તેના ઉપરના વ્યાજને આધીન રહેશે.

દેવાદારો નું ધ્યાન દોરવાનું કે તમને નિયમ ૧૩ની પેટા કલમ (૮) ની જોગવાઈ મુજબ સુરક્ષિત મિલકતો છોડાવવા માટે પુરતો સમય આપેલ છે.

**સ્થાયી મિલકતોનું વર્ણન**

તમામ ભાગ અને હિસ્સો ધરાવતી મિલકત કે જે 'વી.કે પાર્ક'નો પ્લોટ નં. ૪૯૨ માપ ૩.૬૬ ×૧૨ ફુટ અને ૧૦.૯૮ × ૩૬.૦૨ ચો.ફુટ, કુલ માપ ૪૦.૧૯ ચો.મી, કોમન પ્લોટ નં.૧, પ્લોટ નં. ૫૨૮ પૈકી ૧.૪૫૪૮ ચો.મી અને કોમન પ્લોટ નં.૨, પ્લોટ નં.૫૨૯ પૈકી ૨.૧૧૧૬ ચો.મી અને કોમન પ્લોટ નં. ૩, પ્લોટ નં. ૫૩૦ પૈકી ૦.૮૯૪૯ ચો.મી અને કોમન પ્લોટ નં.૪,પ્લોટ નં.૫૩૧ પૈકી ૦.૯૨૫૩ ચો.મી અને કોમન પ્લોટ નં. ૫, પ્લોટ નં. ૫૩૨ પૈકી ૧.૦૭૮૫ ચો.મી અને કોમન પ્લોટ નં. ૬, પ્લોટ નં. ૫૩૩ પૈકી ૦.૯૪૦૬ ચો.મી અને કોમન પ્લોટ નં. ૭, પ્લોટ નં. ૫૩૪ પૈકી ૧.૨૦૮૬ ચો.મી અને પ્લોટ નં. ૫૩૫ સાથે ૨૫.૯૧૪૪ ચો.મી, રેવન્યુ સર્વે નં. ૨૮૪, ૨૮૫ અને ૨૮૬, બ્લોક નં. ૨૧૦, મોજે તાતીથૈયા, તા. પલસાણા, જી.સુરત, ગુજરાત –૩૯૪૩૦૫ ખાતે આવેલ છે. જેની ચતુર્થદિશા **પુર્વે** : ૯.૦ મી. રોડ **પશ્ચિમે** : પ્લોટ નં. ૪૮૩, **ઉત્તરે** : પ્લોટ નં. ૪૯૩, **દક્ષિણ** : પ્લોટ નં. ૪૯૧ આવેલ છે.

સહિ/–
**તારીખ : ૧૪.૦૫.૨૦૨૬**
**સ્થળ : ગુજરાત**
**લોન ખાતા નં.: ૩૫૫૧૭૯૨૫, ૩૬૩૬૫૭૮૫ અને ૩૯૫૪૫૭૦૦**

**અધિકૃત અધિકારી,**
**આઈડીએફસી ફર્સ્ટ બેંક લિ.**
**(અગાઉ કેપીટલ ફર્સ્ટ લિમીટેડ,**
**આઈડીએફસી બેંક લિમીટેડ સાથે જોડાયેલી**

